## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ભાગ્યશાળી 'ગાંધીનગર' આગાહી થાય તો છે!*
*ધોધમાર નહીં, છતાં ઝરમરીયો થાય તો છે!*
*થાય તો છે ! સરકારી દિલાસા ને વચનો જેવો -*
*આંખ, જેમ ધરતીને ભીની રાખવા થાય તો છે!*
*(લખ્યા તા. ૧૫/૮ રવિવાર)*

હાઈકુ

*ટેવાઈ ગયો છે !*
*વિવિધ દબાણોથી -*
*મેહુલો પણ!!*
*(બધાં દબાણ સક્રીય)*

*કર્યાં મેં મ્હાત -*
*અનેક ગણતંત્રો -*
*'કોરોના' તો શું !!*
*(ગૃહમંત્રી 'ફરી' સક્રિય)*

### ચિંતન

*નયસ્ય વિનયો મૂલં વિનયઃ શાસ્ત્ર નિશ્ચયાત્ ।*
*વિનયસ્યેન્દ્રિયજયસ્તદ્યુક્તઃ, શાસ્ત્ર પ્રૃચ્છતિ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃતસુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

નીતિનું મૂળ, અર્થાત નીતિ પ્રાપ્તિનું કારણ વિનય છે. (વિનયી ને જ નીતિ પ્રાપ્ત થાય છે) પણ જેને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય. વિદ્વતા પ્રાપ્તિ થઈ હોય તેને જ વિનયથી પ્રાપ્તિ થાય છે. વળી જે લોકો એ તપ અને સાધના દ્વારા ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો હોય, જિતેન્દ્રિય થયા તેમને જ વિનયની પ્રાપ્તિ થાય છે. પરંતુ જિતેન્દ્રિય કેમ થવાય? શાસ્ત્રજ્ઞાનથી જ જિતેન્દ્ર થવાય છે.

વિદ્યાથી જિતેન્દ્રિય, જિતેન્દ્રિયથી વિનય, વિનયથી નીતિ અને નીતિમય જીવન દ્વારા પરમ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જેને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું છે એ વ્યક્તિના જીવનની પૂર્વ શરતએ હોય છે તે સંપૂર્ણ સંયમી જીવન જીવતો હોય, આવો સંયમ વિદ્યા દ્વારા પ્રાપ્ત થાય છે અને જે વિનયી - વિવેકી હોય એવા શિષ્યો જ વિદ્યા પ્રાપ્ત કરી શકે છે.

### સુવિચાર

- મન મજબૂત રાખી કાયમ આનંદમાં રહેવું, ધારીએ તો ગમે તે સંજોગોમાં પણ રહી જ શકાય છે. મન નબળું પડે તો સર્વ વાત સુખ હોય તો પણ દુઃખ થઈ શકે છે - **ગાંધીજી**
- પરીક્ષાનું 'રિઝલ્ટ' કોણ આપે છે? આપણું જ લખેલું, તેનું જ આ રિઝલ્ટ આવે છે - **આપ્તસૂત્ર**
- વૃદ્ધ મુખનું સૌંદર્ય એટલે દેવસ્થાનના દીપકનું તેજ - **સંત જોસેફ**
- ગુરુ અને શિષ્યનું મિલન એ અરણી મંથન જેવું છે, જ્ઞાન એ અગ્નિ જેવું છે, એ શિષ્યના હૃદયમાં સૂતેલું છે અને ગુરુએ તેને જગાડવાની છે - **ઋગ્વેદ**
- કેળવણી એટલે સુખમાં ઘરેણું અને દુઃખમાં દિલાસો - **એરિસ્ટોટલ**
- જે પવન વાવશે તે વાવાઝોડું લણશે - **બાઈબલ**
- આજનું ઔષધ : દસ ગ્રામ ધાણામાં ત્રણ ગ્રામ સુંઠ ઉમેરી ઉકાળો બનાવી તેમાં મધ ઉમેરી નવશેકું પીવાથી તાવ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર એક લશ્કરી અધિકારીની નિયુક્તિ બોર્ડરની નજીક રણ વિસ્તારમાં થઈ. તેમના પત્નીને પણ લશ્કરના કન્ટોન્મેન્ટમાં રહેવા જવું પડ્યું. એક જ મહિનામાં પત્ની ધૂળ અને ગરમ લૂથી કંટાળી ગયા. શહેરી માહોલમાં ઉછરેલા એ મહિલાને ત્યાંના સ્થાનિક નિવાસીઓનો સાથ પણ પસંદ ન હતો. તેઓ ત્યાંના બહેનોને પછાત અને ગમાર સમજતી હતી. દુઃખી થઈને તેમણે પોતાના માતા-પિતાને પત્ર લખ્યો અને જણાવ્યું કે અહિંયા જીવન ખૂબ તકલીફોથી ભરેલું છે. આ બધાથી મુક્તિ પામવા તેઓ પિયર આવવા માંગે છે અને છેલ્લે એક વાક્યમાં લખ્યું 'અહિંયા રહેવા કરતા જેલમાં રહેવું સારું છે.' પિતા પોલીસ ઓફિસર જેલર હતા. તેમણે દીકરીને પત્રમાં બે વાક્યો લખ્યા. 'બે કેદીઓએ એક સાથે જેલની બહાર જોયું, પરંતુ એક જણે આકાશમાં તારા જોયા અને બીજાએ જમીનમાં કિચડ અને કાંટા જોયા.' આ કાગળ વાંચીને મહિલાને લાગ્યું કે પિતાએ યોગ્ય જ લખ્યું છે. તેણે સ્થાનિક લોકો સાથે હળવા-મળવાનું શરૂ કરી દીધું. સ્થાનિક મહિલાઓની ભરણ-ગૂંથણ, મોતીકામ, માટીકામ વગેરે પ્રવૃત્તિઓ જોઈ. સ્થાનિક લોકોની રહેણીકરણી જોઈ. પૈસાથી તેમના માટીકામ અને મોતીકામના નમૂનાઓની ખરીદી કરી. ધીમેધીમે તે પોતાની ફરિયાદો ભૂલતી ગઈ. એ જ રણ હતું એ જ લોકો હતા. કશું જ બદલાયું ન હતું અસલમાં તેનું મન બદલાયું હતું. તેણે સ્વર્નિમિત જેલમાંથી બહાર જોઈને તારાઓ નિહાળ્યા અને પોતાની દુનિયાને પ્રકાશિત કરી દીધી. જૂની દુનિયામાં એણે અપનાવેલા નવા દૃષ્ટિકોણથી તે ખુશીમાં જીવવા લાગી.

# કોરોનાના આતંક વચ્ચે મેઘરાજાની મહેર

**તંત્રીસ્થાનેથી...**

એકની એક વાત વાગળોવાનું કોઈને ગમે નહીં. કોરોના નામથી જ હવે લોકો કંટાળી ગયા છે. એટલે ભલે ભારતે બ્રાઝિલ અને અમેરિકાના વિક્રમો વટાવીને 'કોરોના કિંગ'નું બિરુદ મેળવી લીધું હોય પરંતુ હવે ભારતીય નાગરિકોને કોરોનામાં રસ નથી. ગુજરાતમાં શહેરો હવે ચેપગ્રસ્ત છે; રોજેરોજ ત્યાં નવા કેસ નોંધાયા રહે છે અને માણસખાઉ રાક્ષસની જેમ કોરોના રોજે રોજ એનો ભોગ મેળવીને જંપે છે. સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ આવા ભોગ ધરતાં રહેતાં મહાનગરો બની રહ્યા છે. બીજી તરફ કોરોનાએ ગ્રામીણ વિસ્તારોમાં પ્રવેશ કરી લીધો છે. જો કે એનો આતંક અગાઉ જેટલો રહ્યો નથી. 'અનલૉક' પ્રક્રિયા શરૂ થતાંની સાથે લોકો રોજિંદા કાર્યોમાં ઓતપ્રોત બની ગયા છે. મંદિરો ખૂલી ગયાં છે અને વૈષ્ણોદેવી જેવું તીર્થ પણ લોકોને આકર્ષી રહ્યું છે. 'સોશિયલ ડિસ્ટંસ' અર્થાત્ 'દો ગજ કી દૂરી' સાચવી શકાય એવી નથી તો આપણી સરકારી ઓફિસો પાસે ખુલ્લાશ કે નથી વાહનોમાં એટલું અંતર રાખવાની જોગવાઈ. એટલે માસ્કનો મહિમા વધી ગયો છે. ગુજરાતના મુખ્યમંત્રીએ વાહનમાં માસ્ક વગર બેઠેલા ઉતારુ ઉપરાંત વાહન ચાલકને પણ દંડિત કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય ખરેખર આવકારદાયક છે. વાહનચાલક પોતે જ ધ્યાન રાખશે કે એના વાહનમાં માસ્ક વગરના પૅસેન્જરને પ્રવેશ ન મળે. એવું જ ઍર કન્ડિશન્ડ મૉલની બાબતમાં સમજવું. આટલા આકરા આદેશો છતાં એનું પાલન કેવું અને કેટલું થશે તે પ્રશ્ન જ રહે છે. પ્રજાને મોઢે સૂંડાં બાંધીને ફરવું નથી ગમતું પણ પ્રશ્ન જીવનમરણનો છે. કોરોનાને હાંકી કાઢવાના હાકલા પડકારા શમી ગયા છે. ખુદ વડાપ્રધાન પણ કહેતા થયા છે કે આપણે કોરોના સાથે જીવવાનું છે, એનાથી એક સલામત અંતર રાખીને અને આરોગ્યના નિયમોનું પાલન કરીને.

કોરોનાકાળમાં મેઘરાજાએ મહેર કરી છે તે ખેડૂતો માટે મોટી આશીર્વાદરુપ ઘટના છે. અમુક શહેરો અને વિસ્તારોમાં અતિવૃષ્ટિથી નુકશાન જરૂર થયું છે, પરંતુ એકંદરે સારો વરસાદ હંમેશાં સુખદ જ રહેતો હોય છે. ઉત્તર ગુજરાત અને કચ્છ સામાન્ય રીતે ઓછા વરસાદવાળા વિસ્તારો મનાતા રહ્યા છે. મેઘરાજાએ આ બેઉ પ્રદેશોને ભીંજવ્યા છે અને રીઝવ્યા છે. ડેમો છલકાયા છે એટલે પીવાના પાણીનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે. કોરોનાકાળમાં ખેડૂતોને ખેતરોમાં જવાની છૂટ હતી એટલે ખેતીની આવક અકબંધ રહેશે. અલબત્ત, મોટા ખેડૂતોને હિજરત કરી ગયેલા મજૂરોની ભારે ખોટ વરતાતી રહી અને કેટલાકને મજૂરી મોંઘી પણ પડી. પરંતુ મોટું નુકશાન તો ચીન સાથેના ઝઘડાથી થયું છે. ચીનમાં થનારી નિકાસ પર બ્રેક લાગતાં ખેડૂતોને ફસલના મળતા ઊંચા ભાવ નીચા આવી ગયા છે. બે પાડોશી રાષ્ટ્રો એકમેક સાથે હળીમળીને ચાલે તો બેઉને ફાયદો થાય. સંજોગો એવા સરજાયા કે ચીન સામે આવા વ્યાપારિક પ્રતિબંધોનાં પગલાં ભરવાં પડ્યાં. ચીની ચીજવસ્તુઓ અને ઉપકરણોથી ભારતીય પ્રજા એટલી હદે ટેવાઈ ગઈ છે કે એની સાથે આ મુદ્દે વેર બાંધવું પોસાય એમ નથી. કોરોના સંક્રમણથી પીડાતા અને બ્રેન સર્જરી પછી ઊંડી બેહોશીમાં સરી ગયેલા પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને જલ્દી સ્વાસ્થ્ય લાભ થાય એવી દેશ આખો પ્રાર્થના કરી રહ્યો છે. લોકપ્રિય શાયર રાહત ઈન્દોરી અને એક જમાનાના ક્રિકેટર તથા વર્તમાન યોગી સરકારના મંત્રી ભાજપના પૂર્વ સાંસદ ચેતન ચૌહાણનો કોરોનાએ ભોગ લીધો છે. એમના આત્મનને શાંતિ મળે એવી અભ્યર્થના.

# પર્યુષણ પર્વના મર્મના - તત્ત્વના - સત્ત્વના દીવડા પ્રગટે ને અજવાળા રેલાય છે



અજવાળું - અજવાળું

તુષાર જોશી

'પર્યુષણ પર્વ નિમિત્તે આપને અમારી સંસ્થામાં પ્રવચન માટે આવવાનું છે, વિષય કયો હશે ?' ગુજરાત યુવક કેન્દ્ર પ્રેરિત ધર્મ જાગૃતિ કેન્દ્ર આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા સંદર્ભે પુછાયું અને અનાયાસ કહ્યું 'અપૂર્વ અવસર - પર્યુષણ...'

'પાંચેક વર્ષ થયા... પર્યુષણ પર્વના એ વ્યાખ્યાનને... આજે અનાયાસ સ્મરણ થયું કારણ કે પર્યુષણ પર્વ આવ્યું.'

આપણને માનવ તરીકે નાગરિક ધર્મ - માનવ ધર્મ - રાષ્ટ્ર ધર્મની સાચી સમજ આપતી આવી વ્યાખ્યાન માળાઓ ઉત્તમ માનવના સર્જનમાં મહત્ત્વનું પ્રદાન કરે છે.

લોકોનો શબ્દ પ્રક્ષેપણ છે, ને સંસ્કૃતમાં પરિ + ઉષણા... પરિ એટલે નિકટ અને ઉષણા એટલે રહેવું. આત્માની - ચૈતન્યની નજીક રહેવાનું પર્વ તે પર્યુષણ. આ પર્યુષણ પર્વે અપૂર્વ અવસર કેમ બને એની સીધી-સાદી રોજિંદા જીવનમાં આચરણમાં મુકાય એવી વાતો ત્યારે કહી હતી તે અહીં લખી રહ્યો છું.

પર્યુષણ અપૂર્વ અવસર છે એનું પ્રથમ કારણ એ છે કે શ્રવકને એ આત્માની નજીક લઈ જાય છે. સ્વ ચૈતન્યની ઓળખ કરાવે છે. શરીર અને આત્મા જુદા છે, શરીર જડ ને આત્મા અમર છે એની પ્રતીતિ કરાવે છે પર્યુષણ. ખુમાર બારાબંકવીએ લખેલો શેર આ સંદરભે સ્મરણમાં આવે છે.

કિસી ગુમશુદા કી તલાશ મેં, મેરી સારી ઉમર ગઈ,
મગર ઈત્તેફાક તો દેખિયે, ના અપને દિલ પે નજર ગઈ.

બીજુ કારણ તે કે પર્યુષણ માનવને ભગવાન બનવાના ઉપાય બતાવે છે. પર્યુષણના દિવસો દરમિયાન કરેલા કર્મો - સાધના - તપ - સંયમ - દાનથી ભગવાન બની શકાય. તીર્થંકરો કેવા છે ? શાંત - સૌમ્ય - સુંદર - ઉપકારી - પ્રેમાળ - ઉદાર... હવે આપણે પ્રભુ આત્મસાત કરવા જોઈએ. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે વત્થુ સહારો ધમ્મો અર્થાત્ વસ્તુનો સ્વભાવ એ જ એનો ધર્મ છે. આપણે વસ્તુ નહિ માણસ છીએ તો વિચારીએ આપણો સ્વભાવ શું છે ?

પર્યુષણ અપૂર્વ અવસર છે તેનું ત્રીજું કારણ જીવદયા છે. હવાડા - પરબ - ગૌશાળા - પાંજરાપોળ - પક્ષીઓને ચણ- પશુઓને રોટલી - ભૂખ્યાને અનાજ, સાધર્મિકને સહાયમાં તો જીવદયા હોવી જ જોઈએ. જરા બારીકાઈથી વિચારીએ તો પાંચ તિથિએ આપણે ત્યાં કામ કરનારાને કંઈક આપીએ, બીજું કાંઈ નહિ તો રજા આપીએ, માનવતાના કાર્યો કરીએ, કોઈનો જીવ ન ખાઈએ, કોઈને સલાહો ન આપીએ એ પણ જીવદયા જ છે.

ચોથું કારણ કે તે જાગૃતિ આણે છે. કલ્પસૂત્રના ૮ વ્યાખ્યાનો વાંચવાની પરંપરા છે.

અવતાર માનવીનો
ફરીને નહિ મળે,
અવસર તરી જવાનો
ફરીને નહિ મળે

આ સ્તવનના શબ્દોને આત્મસાત્ કરીએ. પ્રભુના દર્શન માટેની આ નીતિવાન - પ્રમાણિક - ઉદાર સહનશીલ - પ્રસન્ન થવાની જાગૃતિ કેળવીએ.

પર્યુષણ અપૂર્વ અવસર છે તેનું પાંચમું કારણ કે તે સમયનું મૂલ્ય સમજાવે છે. આપણો અનુભવ છે, ઘડિયાળ સમય બતાવી શકે, બચાવી ના શકે. આમતેમ ભટકવામાં જિંદગીની એક પળ પણ બગડે નહિ તેનો ખ્યાલ રાખીએ... એક લક્ષ નિર્ધારિત કરીએ ને એ દિશામાં સતત આગળ વધીએ.

અપૂર્વ અવસર હોવાનું છઠ્ઠું કારણ તપશ્ચર્યા સાથે તપ સાથે આ પર્વ અનુસંધાન કરાવે છે. છઠ્ઠ - અઠ્ઠમ - આયંબિલ - ઉપધાન... વગેરે વગેરે તપમાં શરીરને જોડવાથી મન-વચન- કાયામાં હકારાત્મક પરિબળો ગતિશીલ થાય છે. મનના વિકારોને નિર્મૂળ કરીએ એ પણ તપ છે. મૌન પણ તપ છે ને વિવેકપૂર્ણ વાણી પણ તપ છે. જીવનમાં આગળ વધવા કરવો પડતો સંઘર્ષ પણ એક તપ છે.

સાતમા કારણરુપ તે મૈત્રી છે પ્રેમ છે પર્યુષણ મૈત્રીનું - પ્રેમનું ઝરણ વહાવે છે. જેને પ્રેમ કરતા હોઈએ એને દુઃખી કેવી રીતે કરી શકીએ ? એટલે આપણા વ્યવહારોને પ્રેમપૂર્ણ બનાવે છે પર્યુષણ. જૈન ધર્મ વૈશ્વિક છે અને એટલે વિશ્વ પ્રેમનો પણ મહિમા છે.

ક્ષમાપના એ આઠમું કારણ છે જે પર્યુષણને અપૂર્વ અવસર બનાવે છે. પીપલ આર નોટ ડીફીકલ્ટ, જસ્ટ ધે આર ડીફરન્ટ, આટલું સમજાય તોય ઘણા ઝઘડાનો - વિવાદોનો અંત આવે. ભૂતકાળ ભૂલીએ - ભવિષ્યને જોઈને... ક્ષમા આપવાના આત્માભાવને પુષ્ટ કરે છે પર્યુષણ. કોણ સાચું તે નહીં શું સાચું તે મહત્ત્વનું છે. મુનીચંદ્ર વિજયજી કવિ આનંદ લખે છે જે રીસાયા છે તે આવી ભેટશે ઘર આંગણે, તું હૃદયનું રક્ત સિંચી ગીત પ્રેમનું ગાય તો પર્યુષણમાં સ્વાત્માની શુદ્ધિ કરવાની છે, જીવાત્માની મૈત્રી કરવાની છે, ધર્માત્મા સાથે પ્રીતિ કરવાની છે, મહાત્માઓના સંગમાં ભક્તિ કરવાની છે ને પરંપરાની શરણાગતિ સ્વીકારવાની છે. માનવ જીવન તો અમૂલ્ય છે જ, શ્રેષ્ઠ કર્મો થકી એને વધુ મૂલ્યવાન બનાવવાનું છે.

પાપો ખરી પડે તેવું પર્વ પર્યુષણ છે મનને ન ગમે તે સામેની વ્યક્તિને પણ પણ ન ગમે એવું વિચારીને વ્યવહાર કરવો જોઈએ. દરેક શરીરમાં આત્માનું દર્શન કરીએ તો બાહ્ય દર્શન છૂટી જશે.

મોહનિંદ્રામાંથી જાગીને મોક્ષ તરફ જવાનું પર્વ છે પર્યુષણ. સ્વકેન્દ્રીત જીવન પદ્ધતિને સર્વ કેન્દ્રિત કરવાનો સંદેશ આપે છે પર્યુષણ. ખમે અને ખમાવે તે સાચો આરાધક છે એની અનુભૂતિ કરાવે છે પર્યુષણ. હિંસકતા - લોલુપ્તા - સ્વાર્થ - શત્રુતા - ભટકવાથી ઉગારે છે પર્યુષણ. પર્યુષણ પર્વના મર્મના - તત્ત્વના - સત્ત્વના દીવડા પ્રગટે ને અજવાળા રેલાય છે.

# ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ । સહ વીર્યં કરવાવહૈ ।



વિચારયાત્રા

ડો. જય ઓઝા

વર્તમાન સમય આપણી ભરપૂર કસોટી કરી રહ્યો છે. આપણે વ્યાકુળ છીએ, અને ખૂબ જ ઝડપથી આ વાઈરસથી દૂર થઈ જવા માગીએ છીએ. પરંતુ આ વિષમ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પણ જો શિક્ષણ માટે, તેની પ્રવૃત્તિઓ માટે કોઈ નવો વિચાર અમલમાં મૂકી શકાતો હોય, તો શિક્ષણ માટે આ પરિસ્થિતિ ચોક્કસ લાભદાયી સાબિત થશે. કારણ ખૂબ સરસ છે જ્યાં સુધી આપણે આપણા કમ્ફર્ટ ઝોનમાં હતા ત્યાં સુધી શિક્ષા માટે આપણને નવા નવા ક્રાંતિકારી વિચારો તો આવતા હતા, પરંતુ આપણે તેના તરફ આંખ આડા કાન કરી રાખતા હતા. આ તો આ ભયાનક પરિસ્થિતિ નિર્માણ થઈ તો આપણે શિક્ષણ માટે નવા આયામ વિચારવાના શરૂ કર્યા. તેમાં પણ આ નવી શિક્ષણનીતિ આવી જેણે ભવિષ્યની ઉજ્જ્વળ યોજના તરફ વધુ ઠોસપૂર્વક કદમ પ્રશસ્ત કર્યો છે. શિક્ષણમાં બે ડગલા આગળ ચાલવાની આવશ્યકતા તો છે જ પરંતુ સાથે સાથે બે ડગલાં પાછળ જઈને આપણી વૈદિક શિક્ષણનીતિને પાછી અપનાવવાની તથા તેને નવી દૃષ્ટિથી જોવાનો સમય પણ આવી ચૂક્યો છે.

પ્રસિદ્ધ દ્રષ્ટા માર્શલ મેક્લૂહાનની કેટલીક પંક્તિઓ અત્યારે યાદ આવે છે.

Someday,
All of us will spend
Our life in our own school, the WORLD.
And education in the sense of learning
To love, to grow, to change can become
Not the woeful preparation for some job
That makes us less than we could be
But the very essence,
The joyful whole of existence itself.

માત્ર નોકરી મેળવવા માટે જે શિક્ષણ આપણે લઈએ છીએ તે તો આપણે જે છીએ તેમાં પણ ન્યૂનતા લાવવા માટેનું શિક્ષણ થયું. વાસ્તવમાં તો વિદ્યાર્થી સૃષ્ટિના સીધા સંપર્કમાં આવીને જ ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જોન બ્રૂબેકર કહે છે કે : "Learning is unfolding of what was has been originally enfolded." શિક્ષણનું કાર્ય વિદ્યાર્થીની અંદર જે છે તેને અનાવૃત કરવાનું છે.

પંચદશી નામક સંસ્કૃત ગ્રંથમાં લખાયું છે કે,
અધીત્ય ચતુરો વેદાન સર્વશાસ્ત્રાણ્યનેકશઃ ।
બ્રહ્મતત્ત્વં ન જાનાતિ દર્વી સૂપરસં યથા ॥

જેમ દાળ નીકાળવાના પાત્રને દાળના સ્વાદની ખબર નથી હોતી, તેમ જ ચાર વેદ અને બધા જ શાસ્ત્રો માત્ર વાંચી જનારને બ્રહ્મત્વ વિશે જાણ નથી થઈ જતી.

શિક્ષણનો ઉદ્દેશ શું છે ? શિક્ષણનો ઉદ્દેશ છે, વ્યક્તિના વિવેકને ઉજાગર કરવો. વિવેક વગરનું શિક્ષણ કેવી હોનારત સર્જે છે, તે આપણે આ કોરોનાકાળમાં જોઈ રહ્યા છીએ. માસ્ક લગાવવા માટે સરકારે એક પછી એક દંડ વધારતા જ જવો પડે છે. lockdownમાં પણ ડંડાવાળી કરવી પડી હતી. આ ભણેલા-ગણેલા લોકોના અવિવેકનું પ્રદર્શન નહોતું તો બીજું શું હતું!

આ શતાબ્દી માહિતી અને સૂચનાઓની શતાબ્દી છે. આ ટેકનોલોજીના સમયમાં બધી જ માહિતી ખૂબ ઝડપથી મળી જશે. તે પણ વિશ્વવ્યાપી હશે. દરેક માહિતી દરેક વ્યક્તિ માટે ઉપલબ્ધ થશે. સ્મરણશક્તિનું એટલું બધું મહત્ત્વ નહી રહે. પરંતુ મૂળ પ્રશ્ન એ છે કે શું આ સૂચનાઓ અને માહિતીનું આકલન કરવા માટે તેનો સાચો ઉપયોગ કરવા માટેનું શિક્ષણ આપવાની કોઈ વ્યવસ્થા આપણે ત્યાં છે ? નથી.

અને તે માટે જ જે મોબાઈલ ઈન્ફર્મેશનનો, માહિતીનો સૌથી મોટો સ્રોત બની શકે તે મોબાઈલ બાળકો માટે ખતરનાક બની ગયો. જે ઈન્ફર્મેશન કોરોનાવાયરસથી બચવા માટે ઉપયુક્ત બની શકે. તેની જગ્યાએ કોરોનાની નકારાત્મક સમાચારોની ભરમાર આપણને હતાશામાં લઈ જઈ રહી છે. સૂચનાઓનો ભંડાર આપણી પાસે ઉપલબ્ધ છે પરંતુ તેના ઉપયોગનો વિવેક નથી.

શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવું તે આજના સમયની સૌથી મોટી માંગ છે. થીગડાં બહુ માર્યા રફુ બહું કરાવ્યું. હવે સંપૂર્ણ પરિવર્તન એ જ માત્ર ઉપાય છે. આ માટે આપણે યાંત્રિકતંત્રની સામે માનવીયતંત્રનો ઉપયોગ કરવો પડશે. હ્યુમન ટેકનોલોજીનો ઉપયોગ પાઠ્યક્રમમાં પ્રાથમિક કક્ષાએથી જ શરૂ કરવો પડશે. આજના વિદ્યાર્થીને જો આપણે જ્ઞાનાત્મક આધાર નહીં આપીએ તો એ દ્વિધામાં જ રહેશે. ઓનલાઈન એજ્યુકેશન દ્વારા છાત્રોને, વિદ્યાર્થીઓને આપણે મોબાઈલથી દૂર નહીં રાખી શકીએ તો મોબાઈલનો વિવેકયુક્ત ઉપયોગ તો શીખવી જ શકીએ.

તેઓમાં આચારની આવશ્યકતા છે. વિદ્યાર્થીઓમાં શ્રમની પ્રતિષ્ઠા કરવી પડશે. માત્ર પુસ્તકો વાંચવા, વર્ગમાં બેઠા રહેવું, લેખિત પરીક્ષાઓ આપી દેવી તે પૂરતું નહીં રહે. વિદ્યાર્થીઓને ઊઠવા, બેસવા, ચાલવા, ખાવા-પીવા, બોલવાની આદતો નવી પદ્ધતિથી શીખવવી પડશે. તનની immune system શક્તિશાળી બનાવવા માટે વ્યાયામ અને રમતની વિભાવના શીખવવી પડશે, તો સાથે સાથે મનની immune systemને શક્તિશાળી બનાવવા માટે યોગાભ્યાસનો પણ પાઠ્યક્રમમાં સમાવેશ કરવો પડશે.

આપણા પ્રધાનમંત્રીએ જે આત્મનિર્ભરતાનું સૂત્ર આપણને આપ્યું છે. તે જન-જનનાં મસ્તિષ્કમાં અંકિત કરી દેવું હોય તો સ્વાવલંબન કેન્દ્ર, ગ્રામ કેન્દ્ર, સ્વાભિમાનયુક્ત અર્થશાસ્ત્ર નો અભ્યાસક્રમ પ્રાથમિક કક્ષાએથી જ લાગુ કરવો પડશે. એક સુંદર સમાજ વ્યવસ્થાને બનાવવા માટે પરિવાર વ્યવસ્થા સુદ્રઢ કરવી આવશ્યક છે. અને તે માટે નીતિવિષયક ગ્રંથોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો પડશે. રામાયણ, મહાભારત, ગીતાને માત્ર ધાર્મિક પુસ્તકો સુધી મર્યાદિત ન કરતાં અભ્યાસક્રમમાં રાખીને વિદ્યાર્થીને તે ગ્રંથોમાં રહેલ નીતિ તત્ત્વ દેખાડવું પડશે. આ કોરોના-કાળમાં રામાયણ ધારાવાહિકને મળેલી અપાર સફળતા દર્શાવે છે કે આજની પેઢીને આ મહાન ગ્રંથો વિશે વિગતે વાત કરીને આચાર અને વ્યવહારના પાઠ ભણાવવામાં આવશે તો એક સુસંસ્કૃત અને નીતિથી સમૃદ્ધ પેઢી આપણે બનાવી શકીશું.

દરેક પરિવાર સ્વયં એક ગુરુકુળ બનવા જોઈએ. અને માતા-પિતાને પ્રથમ ગુરુ માનવાની આપણી પ્રાચીન વિભાવનાને પુનઃસ્થાપિત કરવા માટે સ્વયં માતા-પિતાએ જ કમર કસવી પડશે. કારણકે આજે દરેક બાળક પોતાના ઘરમાં જ પૂરો વખત વિતાવે છે. હવે માતા-પિતા માટે પાસે એ જૂઠું આશ્વાસન નહીં હોય કે અમારો બાળક તો બહારથી જ કોઈ ખોટી વસ્તુ શીખી આવે છે. ફરી અહીંયા આચરણ જ કેન્દ્રમાં આવી ગયું. માતા-પિતા પોતાના આચરણથી જ બાળકને પરોક્ષ રૂપે શિક્ષિત કરી શકે છે.

એક સમાવેશી અભ્યાસક્રમની રચના કરવી પડશે જેમાં ગૃહવિજ્ઞાન, પ્રાથમિક આરોગ્ય, પ્રાથમિક આયુર્વેદિક અભ્યાસ, મનોવિજ્ઞાન, આગળ કહ્યું તેમ અર્થશાસ્ત્ર આ બધાનો અનુબંધ કરીને છાત્રોને ભણાવવું પડશે. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આપણને કહ્યું કે "ગ્લોબલ" થવા માટે પહેલા "લોકલ" થવું પડશે.

યાસ્ક મુનિએ તો સદીઓ પહેલા લ્લઆચાર્યલ્લ શબ્દ સમજાવી દીધો હતો. આચાર ગ્રહણ કરવા કરાવે તે આચાર્ય. જે જ્ઞાનના વિષયોને સમ્યક રીતે પસંદ કરીને અથવા તો બુદ્ધિને સંચિત કરાવે છે. આ ધ્યાનમાં લેવા જેવી

**અનુસંધાન પાના નં ૭ પર**

# એને તો સકારાત્મકતાની ઝોળી ખોલીને સર્જનના મહાસાગરમાં ડુબકીઓ મારવી હતી



આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સકારાત્મક વિચારો કરવાવાળા વ્યક્તિઓ ક્યારેય સમસ્યાઓ વિશે વિચારતા નથી. આવા વ્યક્તિઓ સમસ્યાઓના સમાધાનની સંભાવનાઓને વિકસીત કરવાની દિશામાં વિશ્વાસ રાખતા હોય છે. એ લોકો સફળતા, ક્ષમતા, યોગ્યતા અને કૌશલ્યનો ચતુષ્કોણ રચવાની તાકાતવાળા હોય છે. આના પરિણામે સંઘર્ષોનો સ્વીકાર, સમાધાન અને સામનો કરવાની ભૂમિકા ઘડાય છે.

સકારાત્મક સોચથી આત્મવિશ્વાસ બુલંદ થતો હોય છે. આત્મવિશ્વાસ વધવાથી સાહસ પેદા થાય છે. સાહસથી શક્તિ અને શક્તિથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં માર્ગ નિકળે છે. દરેક વ્યક્તિના જીવનમાં ઉતાર–ચઢાવ હોય છે. અસ્તિત્વ ટકાવી રાખવા અને સિધ્ધાંતો મુજબ આગળ વધવા સંઘર્ષનો સામનો કરવો પડતો હોય છે. સંઘર્ષો અને સમસ્યાઓમાં સકારાત્મકતા આત્મવિશ્વાસ પેદા કરવાનુ પ્રેરકબળ બની જાય છે. આત્મવિશ્વાસ અવસરો અને સંભાવનાઓનું આસમાન છે.



જગતભરમાં ખુબ વંચાયેલું અને વખણાયેલું પુસ્તક 'ધ સીક્રેટલ્લની સીક્રેટ ફોર્મ્યુલા છે કે, આપણા પ્રત્યેક વિચાર આપણું ભવિષ્ય નિર્ધારીત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. સકારાત્મક વિચારો ન માત્ર કારકીર્દિ ઘડવામાં ઉપયોગી છે, બલ્કે અંગત જીવનમાં પણ પુલકીત બહાર લાવવાનું કામ કરતા હોય છે.

સકારાત્મકતાની વાત નીકળી છે ત્યારે કરોડો દિલો ઉપર રાજ કરતા કલ્પનાશીલ ચિંતક અને લેખક આર. કે. નારાયણન યાદ આવ્યા વગર ન રહે. એમનુ પુરુ નામ શશીપુરમ ક્રિશ્નસ્વામી ઐયર નારાયણનસ્વામી. સકારાત્મક સોચની મશાલ સમા નારાયણસ્વામી, ચેન્નઈના સ્કૂલ હેડ માસ્ટરના એક સામાન્ય પરિવારમાંથી આવ્યા છે. પિતાની નોકરીમાં વારંવાર બદલીઓ થતી એટલે નારાયણન બાળપણમાં દાદી અમ્મા પાસે રહીને ભણ્યા. ગણિત, ઈતિહાસ અને સંસ્કૃત નારાયણને દાદી પાસેથી શિખ્યા.

બાળપણથી જ નારાયણનને અંગ્રેજી સાહિત્યમાં વિશેષ રસ પડતો. સ્નાતક થયા બાદ એમની સકારાત્મક કલ્પનાઓને વાંચનના શોખથી ખુલ્લુ આકાશ મળી ગયું. અભ્યાસ પુરો કરી નારાયણને એક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરવાનું શરૂ કર્યું. પરંતુ યુવા નાયારણના હૃદયમાં પડેલી સર્જનશીલતા ઉછાળા મારીને કહેતી હતી કે 'આ ક્ષેત્ર હરગીઝ તારુ નથી.લ્લ એને તો સકારાત્મકતાની ઝોળી ખોલીને 'ફીક્શન રાઈટીંગ'ના મહાસાગરમાં ડુબકીઓ મારવી હતી. 'ફીક્શન રાઈટીંગ'માં આનંદ કરવો હતો.

શિક્ષકની નોકરીને 'ગુડબાય' કરીને નારાયણન ઘરે રહીને એમની કલ્પનાઓને કાગળ ઉપર ઉતારવા લાગ્યા. એમની પ્રથમ અંગ્રેજી નોવેલ 'સ્વામી એન્ડ ફ્રેન્ડઝ' ૧૯૩૫માં પ્રકાશીત થઈ. ત્યાર બાદ ૧૯૩૯માં બ્રિટીષ પ્રકાશક ગ્રેહામ ગ્રીને નારાયણનની બીજી નોવેલ 'બેચલર ઓફ આર્ટસલ્લ પ્રકાશીત કરી. 'બેચલર ઓફ આર્ટસ' નોવેલે ઈંગ્લેન્ડમાં નારાયણનને ખાસ્સી લોકપ્રિયતા આપી. પ્રકાશક ગ્રીનને નારાયણનની અંગ્રેજી ભાષાએ ખૂબ પ્રભાવીત કરી દીધા હતા.

દક્ષિણ ભારતના પારંપરિક એક ગામ 'માલગુડી'ની કલ્પના ઉપર આધારીત 'માલગુડી ડેયઝ'ની કથા એમણે લખી. 'માલગુડી ડેયઝ'ની સકારાત્મક ફીક્શન વિચારધારાએ દેશ અને દુનિયાના કરોડો લોકોના હૃદયમાં સ્થાન મેળવી લીધું. આ નવલકથાના આધારે એ સમયમાં દુરદર્શન ઉપર 'માલગુડી ડેયઝલ્લ સીરીયલે પણ જબરૂ આકર્ષણ જમાવ્યુ હતું. જો કે એ પહેલાં આર. કે. નારાયણનના 'ધ ગાઈડલ્લ ઉપન્યાસે ધુમ માચવી દીધી હતી. એના ઉપરથી લીજન્ડરી કલાકાર દેવાનંદ અને વહિદા રહેમાન અભિનિત ફિલ્મ 'ગાઈડલ્લ બની હતી. ' લગતા હૈ આજ હર ઈચ્છાએ પુરી હોગી, પર મજા દેખો આજ કોઈ ઈચ્છા હી નહીં...લ્લ જેવા આ ફિલ્મના મશહુર સંવાદો નારાયણનની કલમમાંથી આવેલી સકારાત્મક વિચારધારાના બિંદુઓ હતા. આ ફિલ્મે દેવાનંદ અને વહિદાની અદાકારી ઉપરાંત તેના કથાનક અને ધારદાર સંવાદોને કારણે ઘણી લોકચાહના મેળવી હતી. પરંતુ માલગુડીનું કાલ્પનિક ગામડુ લોકોના દિલો દિમાગ ઉપર છવાઈ ગયું હતું. નારાયણનની સરાકાત્મક કરુણાસભર લેખનશૈલીથી વાંચકના હૃદયમાં કથાના ઘટના સ્થળો અને પાત્રો સજીવન થઈ જતાં. છ દાયકાના એમના જીવનમાં નારાયણનને અનેક સન્માનો અને પુરષ્કારોથી નવાજવામાં આવ્યાં. એકથી વધુ વાર પ્રતિષ્ઠીત નોબલ પુરષ્કાર માટે નારાયણનની સરાકાત્મક સોચ ધરાવતા લખાણોને નોમિનેટ કરવામાં આવ્યા છે.

'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અખબારના પ્રથમ પાને ડાબે ખૂણે 'યુ સેઈડ ઈટલ્લ કાર્ટૂનને કોણ ભુલી શકે ? એના સર્જક આર. કે. લક્ષ્મણ, નારાયણનના સગા ભાઈ થાય. ટીકાકારો હમેશા નારાયણનની કુથળી કરતા કહેતા હોય છે કે, એમની ભાષા અત્યંત સરળ હોય છે. ટીકાકારોની આ વાતની નારાયણન ઉપર બિલકુલ અસર નહોતી થતી. એ તો એમના સકારાત્મક વિચારોને કાગળ ઉપર ઉતારવામાં મસ્ત રહેતા. અંગ્રેજી ભાષામાં ભારતીય સાહિત્યની ત્રીમુર્તીએ દેશ વિદેશમાં હિંદુસ્તાનનું નામ ગુંજતુ કર્યુ છે. એમાં નારાયણન ઉપરાંત મુલ્કરાજ આનંદ અને રાજા રાવનો સમાવેશ થાય છે.

જ્યારે વ્યક્તિના મનમાં નકારાત્મકતા હોય છે ત્યારે એના મોટા દુષ્પરિણામો આવતા હોય છે. અંદર પડેલી અચ્છાઈઓ બહાર આવી જ નથી શકતી અને પ્રતિભાનો નિખાર ક્યારેય આવી શક્તો નથી. જ્યારે બીજી બાજુ વ્યક્તિ સકારાત્મકતાના સહારે સ્વાભાવિક રીતે જ લોકો નજીક આવી સકારાત્મક સોચ સાથે જોડાઈ જતા હોય છે. જ્યારે પણ નકારાત્મક વિચારો મન મસ્તિક ઉપર સવાર થઈ જાય ત્યારે નારાયણનની જેમ સકારાત્મક વિચારોને તેની સામે મૂકી દેવાથી આગળના રસ્તાઓ આપો આપ ખુલવા લાગે છે. તણાવ ઉભા કરતા વાતાવરણને શક્ય એટલી વહેલી તકે છોડવાની તૈયારી હોવી જોઈએ. શિક્ષકની સ્ટેબલ નોકરીમાં મન ન લાગતાં તણાવ અનુભવતા નારાયણને સર્જન કરવા સારુ નોકરીને લાત મારીને સકારાત્મક સર્જનના માર્ગે આગળ વધવાનું વધુ મુનાસીબ માન્યું. સકારાત્મક વિચારોથી આગળ વધવાની અસીમ સંભવનાઓ સમજવા સજ્જ થવા માટે ખભે ઉચકેલા નકારાત્મકતાના કોથળાઓને ફેંકવા પડે. ચિત્તમાં શુ પડ્યું છે અને એ કેવી રીતે જીવનને વધુ આનંદમયી બનાવશે એ ખુલ્લા દિલે સમજાય ત્યારે જીવનમાં મસ્તીસભર વળાંક આવી જતો હોય છે.

**ધબકાર :**

**માત્ર એક સકારાત્મક વિચાર જીવન બદલવા પુરતો છે.**